દિવ્યાંગોને સંત સુરદાસ યોજના અને ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજનામાં માસિક સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

ઠરાવ ક્રમાંક:-SJED/MSM/e-file/17/2022/0115/CHH1.

સચિવાલય, ગાંધીનગર

તા.૧૪/03/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૩/૮૬૭૧૭૯/ન.બા.-૧૨ થી ૧૪/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૧૬/૬૯૯૫૯૧/ન.બા૧/છ.૧

આમુખ:-

ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજનામાં રાજ્યના દિવ્યાંગ લાભાર્થીઓને ભારત સરકાર દ્વારા રૂ.300/-ની સહાય આપવામાં આવતી હતી અને રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૦૦/-ની સહાય આપવામાં આવતી હતી, તેમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવથી રાજ્ય સરકારની રકમમાં રૂ.૧૦૦/-નો વધારો કરીને રૂ.300/- કરવામાં આવેલ છે અને કુલ રકમ રૂ.૬૦૦/- કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી રાજ્ય સરકારની સંત સુરદાસ યોજનામાં દિવ્યાંગ લાભાર્થીઓને મળતી રૂ.૪૦૦/-ની સહાયમાં રૂ.૨૦૦/-નો વધારો કરી કુલ રૂ.૬૦૦/- સહાય આપવા બાબતે ઠરાવવામાં આવેલ છે.

દિવ્યાંગોને સંત સુરદાસ યોજના અને ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજનામાં માસિક સહાયમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે દિવ્યાંગોને સંત સુરદાસ યોજના અને ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજનામાં માસિક સહાયમાં વધારો કરવા બાબતે નીચેની શરતોને આધિન નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) રાજ્ય સરકારની સંત સુરદાસ યોજનાના દિવ્યાંગ લાભાર્થીઓને માસિક રૂ.૬૦૦/-માં રૂ.૪૦૦/-નો વધારો કરી કુલ રૂ.૧૦૦૦/- માસિક સહાય આપવાનું ઠરાવવામાં આવે છે.

(૨) ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજનામાં દિવ્યાંગ લાભાર્થીઓને રૂ.300.00 રાજ્ય સરકાર અને રૂ. 300.00 ભારત સરકારના એમ કુલ મળી કુલ રૂ.૬૦૦/- માસિક સહાય આપવામાં આવે છે, જેમાં રાજ્ય સરકાર તરફથી રૂ.૪૦૦/-નો વધારો કરી રાજ્ય સરકાર તરફથી કુલ રૂ.૭૦૦/- માસિક સહાય આપવાનું ઠરાવવામાં આવે છે. આમ, ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજનામાં ભારત સરકારના રૂ.300 + રાજ્ય સરકારના રૂ.૭૦૦/- એમ કુલ રૂ.૧૦૦૦/- મળવાપાત્ર રહેશે.

શરતો:

(૧) ઉક્ત ચુકવણું ફરજિયાત પણે DBT મારફતે જ કરવાનું રહેશે અને DBT પોર્ટલ પર માસિક અદ્યતન વિગતો અપલોડ કરવાની રહેશે.

(૨) દર વર્ષે લાભાર્થીની હયાતીની ખરાઈ (Physical Verification) કરી પોર્ટલ પર દરેક લાભાર્થીને આગળના નાણાકીય વર્ષ માટે યોજના અંતર્ગત ચાલુ રાખવા/ન રાખવા અંગેની જવાબદારી મંજૂર કરનાર સત્તાધિકારીની રહેશે.

(3) આ ઠરાવનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૨થી કરવાનો રહેશે.

(3) આ અંગેનો ખર્ચ સંબંધિત યોજનાના બજેટ હેડમાં પાડવાનો રહેશે.

ઉક્ત યોજનાઓની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮/૦૨/૨૦૨૨ની તથા સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન,સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.